રે.દિ.મુ.નં.૧૦/૨૦૧૫.

**આંક–૫ ની અરજી નીચે હુકમ :–**

(૧) અરજી વાંચી સાંભળ્યાં. હાલની અરજી દાવાના આખરી નિકાલ સુધી વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવા આપેલ છે. સદર અરજીની સુનાવણી થાય તે અગાઉ પક્ષકારોએ સંયુક્ત રીતે આંક–૧૯ થી પુરસીસ રજુ કરી દાવાવાળી મિલકતની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા તથા એકબીજાને દાવાવાળી મિલકતમાં આવતા જતાં કે સાધનો લાવતા લઈ જતાં હરકત હેલો કે અંતરાય કરવાનો નથી, તેવી સમજૂતી કરેલ છે, તેવી જાહેરાત અદાલત સમક્ષ કરેલ છે. તે મુજબ દાવાના આખરી નિકાલ સુધી દાવાવાળી મિલકતમાં યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે તો બન્ને પક્ષકારોને વાંધો ન હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

– હાલની અરજી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

– દાવાના આખરી નિકાલ સુધી પક્ષકારોએ દાવાવાળી મિલકતમાં યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા અને પક્ષકારોએ એકબીજાને દાવાવાળી મિલકતમાં આવતા જતાં યા સાધનો લાવવા લઈ જતા અંતરાય કરવો નહી તેવો હુકમ કરવામાં આવે છે.

– અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ તા.૨૧મી, માહે જુલાઇ, સને ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૨૧–૦૭–૨૦૧૬.
સ્થળ – કડી.

(હર્ષવદન નરસિંહભાઇ વકીલ)
[ Code No.Gj 00584]
પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ,
કડી.